**ફોજદારી પરચુરણ ઈન્કવાયરી નંબર–૪૦૫/૨૦૨૩**

## <u>આંક–૧ તળે હુકમ</u>

આજરોજ કામ હાથ પર લીધુ તથા રેકર્ડ વંચાણે લીધુ. રેકર્ડ જોતા, સદર કામ સને ૨૦૨૩ થી પેન્ડીંગ છે. સદર કામના ફરીયાદીએ આરોપી સામે નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જે ફરિયાદ અન્વયે અમારા અગાઉના પ્રિસાઈડિંગ ઓફિસરે ફરિયાદીની સદર ફરિયાદ ઈન્કવાયરી તરીકે નોંધવાનો હુકમ તા. ૨૧/૦૮/૨૦૨૩ ના રોજ કરેલ પરંતુ રેકર્ડ અને રોજકામ જોતાં ફરિયાદી કે તેના વકીલશ્રી ઈન્કવાયરી નંબર પડેલ ત્યારથી આજદીન સુધી અત્રેની અદાલતમાં હાજર રહીને હાલની ઈન્કવાયરીના કામે આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. આજરોજ પણ કોર્ટ સમય પૂર્ણ થાય ત્યાં સુધી ફરિયાદી તથા તેના વિ.વકીલશ્રીને વારંવાર પોકાર કરવા છતાં હાજર રહેલ નથી કે આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી. આમ ફરિયાદીને હાલનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોવાનું જણાઈ આવતું હોય તેથી હાલના કેસને ફાઈલ પર ફેરવવો યોગ્ય અને ન્યાયોચીત જણાતુ નથી આથી સદર કેસને ફરિયાદી તથા તેના વકીલશ્રીની ગેરહાજરીમા રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ તા. ૨૦ માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો

**તારીખ:– ૨૦/૦૬/૨૦૨૬**
**સ્થળ:– ગાંધીનગર.**

**(શ્રીમતી કે.બી. ધોકીયા)**
**સાતમાં એડી.જયુડી.મેજી.ફ.કલાસ.,**
**ગાંધીનગર**
**યુનિક આઈ. ડી. નં. GJ01703**